# TEST SERIES - 2024



12TH

photon
institute for NEET

Together, We will provide you

*Quality Education...*

photon
institute for NEET
Gujarati & English Medium

PROPER
- Education
- Direction
- Conclusion

# Inspiring Excellence...
# Leading Future...

- ✓ Curiosity
- ✓ Learning
- ✓ Imagination

**Powered By Photon Institute for NEET**

Care Culture Career
C³

# LORD'S

**ENG. & GUJ. MEDIUM SCHOOL**

Nr. Parijat Residency, Opp. Palm City, Sadhu Vasvani Road, Rajkot

# પરીક્ષાની તૈયારી કરતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

પરીક્ષા એ વિદ્યાર્થીઓના જીવનનો સૌથી મહત્વપૂર્ણ અને નિર્ણાયક ભાગ છે. શૈક્ષણિક પ્રદર્શનને વધારવાનો એકમાત્ર સ્ત્રોત મહત્તમ પુરુષાર્થ છે. તમે જેટલો વધુ અભ્યાસ કર્યો છે, તેટલા સારા ગુણ તમે પ્રાપ્ત કરશો. પરીક્ષાઓ વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીને યોગ્ય આકાર આપવામાં મદદ કરે છે. વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક પ્રગતિને અસરકારક બનાવવા માટે મહત્તમ પ્રયત્નો કરવા પડશે.

વિદ્યાર્થીઓને ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરવા માટે તેમના અભ્યાસ અને સમયનું યોગ્ય આયોજન કરવાની જરૂર છે. કારણકે જો તમને તમારા નિર્ધારિત ઉદેશ્યો પૂરા કરવા હોય તો પહેલાં જ પ્રયાસમાં પરીક્ષા પાસ કરવી મહત્વપૂર્ણ છે.

નીચે આપેલ મુદ્દાઓ તમને તમારી પરીક્ષાની તૈયારીને અસરકારક અને સાર્થક બનાવવા માટે મદદગાર થશે.

➦ **અભ્યાસ માટે પૂરતો સમય આપો :–**

સમય એ દરેક માટે ખૂબ જ શક્તિશાળી અને કાર્ય–નિર્ણાયક પરિબળ છે, ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે. વ્યવસ્થિત પરીક્ષાની તૈયારી માટે તમારા સમયના મહત્તમ કલાકો દૈનિક અભ્યાસ માટે રાખો.

➦ **તમારું અભ્યાસ કરવાનું સ્થળ સ્વચ્છ અને વ્યવસ્થિત રાખો :–**

જો તમારી પાસે તમારા અભ્યાસ માટે અવ્યવસ્થિત વાતાવરણ હશે, તો તમે તમારા અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો નહીં. તમારી આસપાસનું વાતાવરણ શાંતિપૂર્ણ હોવું જરૂરી છે કે જેથી તમે તે ક્ષણે શું કરી રહ્યા છો તેના પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો. તમારા અભ્યાસ સ્થળને હંમેશા સુઘડ અને સ્વચ્છ રાખો. સ્વસ્થ અને સ્વચ્છ વાતાવરણ તમારી તૈયારી માટે વધુ સારા વિચારો પેદા કરવામાં મદદ કરશે.

➦ **અભ્યાસ કરતી વખતે વિક્ષેપોથી દૂર રહો :–**

જો તમે વિક્ષેપોના વર્તુળમાં હોવ તો તમે એક પણ શબ્દ શીખી શકતા નથી. વિક્ષેપો કોઈપણ હોઈ શકે છે જે તમારા અભ્યાસમાંથી તમારું ધ્યાન હટાવી શકે છે. આજે, આપણે અપડેટેડ અને વધુ ટેક્નોલોજીકલ વિશ્વ તરફ આગળ વધી રહ્યા છીએ જ્યાં બધું જ આપણા મોબાઈલ ફોન પર નિર્ભર છે. પરંતુ જ્યારે તમારે તમારા અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય ત્યારે તે વિક્ષેપનો મોટો સ્ત્રોત બની શકે છે. વિક્ષેપોને તમારાથી દૂર રાખવાનો પ્રયાસ કરો. જો તમને તમારા ફોનની જરૂર ન હોય, તો તેને તમારી પહોંચથી દૂર રાખો અને બાકીની દુનિયાથી તમારી જાતને ડિસ્કનેકટ (અલગ) કરી લો.

➦ **પ્રેક્ટિસ :–**

પ્રેક્ટિસ માણસને સંપૂર્ણ બનાવે છે. તમે જેટલી વધુ પ્રેક્ટિસ કરશો, તેટલી સારી રીતે તમે સમજી શકશો. વાસ્તવિક પરીક્ષા પહેલાંની પ્રેક્ટિસ અથવા ડેમો ટેસ્ટ લેવાથી તમે તમારી તૈયારી માટે વધુ સજાગ થઈ જશો. તમે દરરોજ પ્રેક્ટિસ કરીને કોઈપણ ખ્યાલ અથવા વિષયના સંદર્ભમાં તમારા નબળા મુદ્દાઓને ઓળખી શકશો. સંપૂર્ણ પ્રેક્ટિસ કરવા માટે, કેટલાંક અગાઉના જૂના પેપર અજમાવી જુઓ. જ્યારે તમે તમારી તૈયારી માટે જૂના પરીક્ષાના પેપરોને ધ્યાનમાં લેશો, ત્યારે તમને પરીક્ષાની પેટર્નનો ખ્યાલ આવશે અને અગાઉના વર્ષોમાં કયા પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા તે આ પ્રવૃત્તિની મદદથી તમને તમારી પરીક્ષાની તૈયારી માટે યોગ્ય દિશામાં લઈ જઈ શકશે.

➦ **છેલ્લી ક્ષણ માટે તૈયારી બાકી રાખશો નહીં :–**

ઘણાં વિદ્યાર્થીઓની સૌથી ખરાબ આદત એ છે કે તેઓ ઘણી બધી તૈયારીઓ છેલ્લી ક્ષણ સુધી છોડી દે છે કે જે ક્યારેય પૂરી થતી નથી. પરીક્ષાની છેલ્લી ક્ષણો ઉતાવળ અને ટેન્શનથી ભરેલી હોય છે. ખાસ કરીને જ્યારે તમે તમારી પરીક્ષાઓ માટે ટેન્શનમાં હોવ, ત્યારે એવી શક્યતાઓ ઊભી થઈ જાય છે કે તમે ઘણી મહત્વપૂર્ણ બાબતોને છોડી શકો છો. આમ, છેલ્લી ક્ષણો માટે પરીક્ષાની તૈયારીઓ છોડશો નહીં. કારણકે જો તમારી પાસે છેલ્લા સમયે ઘણી બધી તૈયારીઓ બાકી હશે, તો તમને તે પૂર્ણ કરવા માટે પૂરતો સમય મળશે નહીં.

# અનુક્રમણિકા


| ક્રમ નં. | પ્રશ્નપત્ર | પેજ નં. |
|---|---|---|
| ➡ | (જીવવિજ્ઞાન) | |
| 1 | Paper Set - 1 | 1 to 7 |
| 2 | Paper Set - 2 | 8 to 14 |
| 3 | Paper Set - 3 | 15 to 22 |
| ➡ | (રસાયણવિજ્ઞાન) | |
| 1 | Paper Set - 1 | 23 to 29 |
| 2 | Paper Set - 2 | 30 to 36 |
| 3 | Paper Set - 3 | 37 to 45 |
| ➡ | (ભૌતિકવિજ્ઞાન) | |
| 1 | Paper Set - 1 | 46 to 55 |
| 2 | Paper Set - 2 | 56 to 65 |
| 3 | Paper Set - 3 | 66 to 76 |

## વિભાગ – A (MCQ)

● **નીચે આપેલા ચાર જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકના 1 ગુણ)** **(50)**

(1) પ્રથમ અર્ધસૂત્રીભાજન પછી નરજનન કોષ ..... માં વિભેદન પામે છે.

(A) પ્રશુક્રકોષ (B) આદિશુક્રકોષ (C) પ્રાથમિક પૂર્વશુક્રકોષ (D) દ્વિતીય પૂર્વશુક્રકોષ

(2) હોમીની ને તેમના મગજના સાચા કદ સાથે યોગ્ય રીતે જોડો.

(A) હોમો હેબિલિસ (i) 900 cc

(B) હોમો નીઅન્ડરથેલેન્સીસ (ii) 1350 cc

(C) હોમો ઈરેક્ટસ (iii) 650 – 800 cc

(D) હોમો સેપીઅન્સ (iv) 1400 cc

સાચો વિકલ્પ પસંદ કરો.

(a) (b) (c) (d)

(A) (iii) (i) (iv) (ii) (B) (iii) (ii) (i) (iv) (C) (iii) (iv) (i) (ii) (D) (iv) (iii) (i) (ii)

(3) નીચેનામાંથી કયા કૂળના સભ્યોની પરાગરજ મહિનાઓ સુધી જીવિતતા જાળવે છે ?

(A) બધા સાચા (B) લીલીએસી (C) ફેબેસી (D) રોઝેસી

(4) કોલમ–I અને કોલમ–II સાથે યોગ્ય રીતે જોડો.

| કોલમ–I | કોલમ–II |
|---|---|
| (A) મોન્સ પ્યુબિસ | (1) ભ્રૂણ નિર્માણ |
| (B) એન્ટ્રમ | (2) શુક્રકોષ |
| (C) ટ્રોફેક્ટોડર્મ | (3) માદા બાહ્ય જનનછિદ્ર |
| (D) નેબેનકેર્ન | (4) ગ્રાફિયન પુટિકા |

(A) A (iii), B (iv), C (ii), D (i) (B) A (iii), B (iv), C (i), D (ii)

(C) A (iii), B (i), C (iv), D (ii) (D) A (i), B (iv), C (iii), D (ii)

(5) નીચેનામાંથી મેન્ડલે આપેલ લક્ષણોમાંથી કયું સાચું નથી ? લક્ષણ પ્રભાવી પ્રચ્છન્ન

(A) બીજનો રંગ પીળો લીલો (B) પુષ્પનો રંગ સફેદ જાંબુડીયો

(C) બીજનો આકાર ગોળ ખરબચડો (D) પુષ્પનું સ્થાન કક્ષીય અગ્રિય

(6) A – ધુમ્રપાનથી ફેફસાનું કેન્સર થાય છે.

B – ધુમ્રપાનથી રૂધિરમાં COનું પ્રમાણ વધે છે અને ઓક્સિજનયુક્ત હિમોગ્લોબીનનું પ્રમાણ ઘટે છે.

(A) A અને B બંને સાચા (B) A અને B બંને ખોટા (C) A સાચું અને R ખોટું (D) A ખોટું અને R સાચું

(7) હ્યુગો–દ–વિસના મતે ઉવિકાસની પ્રક્રિયા.

(A) નાની વિકૃતિઓ છે. (B) સોલ્રેશન છે.

(C) સ્વરૂપ પ્રકારમાં ભિન્નતા છે. (D) બહુતબક્કીય વિકૃતિઓ છે.

(8) નીચેનામાંથી કોનામાં જનીન દ્રવ્ય તરીકે RNA હોય છે ?

(A) TMV વાઈરસ (B) સાયનો બેકટેરિયા (C) ક્વોડોફોલા (D) ચાલની કોષો

(9) નીચેનામાંથી કોનો જૈવ–નિયંત્રક તરીકે ઉપયોગ થતો નથી ?

(A) ટ્રાયકોડર્મા (B) બેસીલમ થુરિન્જિસેન્સિસ

(C) ક્લોસ્ટ્રડિયમ બ્યુટીલીકમ (D) ન્યુક્લિયો પોલીહેડ્રોવાયરસ

(10) લેન્ગડોન ડાઉન દ્વારા દર્શાવવામાં આવેલી ખામીનું તે લક્ષણ છે.

(A) હથેળી પહોળી (B) સ્તન વિકાસ (C) શારિરિક વિકાસ મંદ (D) A અને C સાચા

(11) સામાન્ય દ્રષ્ટિવાળો પુરૂષ જેના પિતા રંગઅંધ હતા. તે જેના પિતા પણ રંગઅંધ હતા તેવી સ્ત્રી સાથે લગ્ન કરે છે. તેમનું પ્રથમ સંતાન છોકરી છે તે સંતાનમાં રંગઅંધતા હોવાની સંભાવના કેટલી ?

(A) 1 (B) શૂન્ય (C) 0.25 (D) 0.5

(12) A – પ્રાથમીક ભ્રૂણકોષ કોષમાંથી ભ્રૂણકોષનું નિર્માણ થાય છે.

R – ફલિતાંડમાંથી ભ્રૂણનું નિર્માણ થાય છે.

(A) A અને R સાચા (B) A અને R ખોટા (C) A સાચું, R ખોટું (D) A ખોટું, R સાચું

(13) નીચે પૈકી કયું માનવ લસિકાઅણુમાં, D N A નો ટુકડો દાખલ કરવા માટે સામાન્યતઃ વપરાતું વાહક છે ?

(A) pBR 322 (B) Ti પ્લાસ્મીડ (C) $\lambda$ ફેજ (D) પશ્ચવિષાણુ (રેટ્રોવાઈરસ)

(14) એન્ટીબોડી

(A) એ એવો અણુ છે જે એન્ટીજન સામે ચોક્કસ પ્રક્રિયા કરે છે.

(B) જઠરમાં ઉત્પન્ન થાય

(C) T – લસીકાકોષો દ્વારા ઉત્પન્ન થાય

(D) નૈસર્ગીક માસ્ક કોષો દ્વારા ઉત્પન્ન થાય

(15) MTP એ પ્રેગનેન્સીના કેટલા અઠવાડિયા સુધી સુરક્ષિત છે ?

(A) છ (B) આઠ (C) બાર (D) અઢાર

(16) પ્રોજેસ્ટેરોન માટે આપેલ પૈકી ખોટું શું છે ?

(A) પ્રેગ્નેન્સીને ઉત્તેજે છે. (B) ગર્ભસ્થાપન માટે એન્ડોમેટ્રીયમનો વિકાસ કરે છે.

(C) દૂધનો સ્ત્રાવ કરાવે છે. (D) માસિકચક્રને ઉત્તેજે છે.

(17) Bt toxin જનીન તેનો પ્રતિકાર કરવા માટે વનસ્પતિમાં અભિવ્યક્ત કરવામાં આવે છે.

I. તમાકુની કલિકાકીટકો અને સૈનિક કિટકો

II. ભૃંગ

III. માખી મચ્છર

(A) I અને II ફક્ત (B) I અને II ફક્ત (C) II અન III ફક્ત (D) I, II અને III

(18) યોગ્ય જોડકાં જોડો.

| કોલમ–I | કોલમ–II |
|---|---|
| (1) બેકટેરિયલ કલા | (p) કાઈટીનેઝ |
| (2) વનસ્પતિ કોષ | (q) રિબોન્યુકિલઓઝ |
| (3) ફૂગની કલા | (r) લાયસોઝાઈમ |
| (4) RNA અણુ | (s) સેલ્યુલોઝ |

(A) (1–p) (2–q), (3–r), (4–s) (B) (1–q) (2–p), (3–r), (4–s)

(C) (1–r) (2–s), (3–p), (4–q) (D) (1–s) (2–r), (3–q), (4–p)

(19) સાપનાં વિષ વિરૂદ્ધની antivenom તે ધરાવે છે.

(A) એન્ટીજન (B) એન્ટીજન–એન્ટીબોડી સંકલ

(C) એન્ટીબોડી (D) ઉન્સેચકો

(20) ..... અને ..... દર્શાવ્યું કે જીવન પુર્વ અસ્તિત્વ ધરાવતા અજૈવ કાર્બનિક અણુઓમાંથી આવ્યું હોવું જોઈએ ?

(A) પાશ્ચરે અને ઓપેરીન (B) ઓપેરીન અને હાલ્ર્ડન (C) હાલ્ડન અને પાશ્ચરે (D) પાશ્ચર અને મિલર

(21) એક સ્ત્રી X – સંલગ્ન સ્થિતિ તેના કોઈ એક X રંગસૂત્ર ધરાવે છે. આ રંગસૂત્ર આના દ્વારા વારસામાં મેળવાય છે.

(A) પુત્રો તેમજ પુત્રીઓ બંને (B) માત્ર પુત્રીઓ

(C) માત્ર પૌત્ર તેમજ પૌત્રીઓ (D) માત્ર પુત્રો

(22) નીચે આપેલી રોગોની કઈ ડી માટે મચ્છર વાહક છે ?

(A) હાથીપગો અને ન્યુમોનીયા (B) મેલેરીયા અને શરદી

(C) રીંગવર્મ અને ડેગ્યું (D) ડેગ્યું અને મેલેરીયા

(23) નીચે આપેલા અપસારી કે બહિર્ગામી ઉત્ક્રાંતિ માટેના ઉદાહરણો પૈકી ખોટો વિકલ્પ પસંદ કરો

(A) ઓક્ટોપસ, ચામાચીડિયું અને મનુષ્યની આંખ (B) મનુષ્ય, ચામાચીડિયું અને ચિત્તાના અગ્ર ઉપાંગો

(C) ચામાચીડિયું, મનુષ્ય અને ચિત્તાનું મગજ (D) ચામાચીડિયું, મનુષ્ય અને ચિત્તાનું હૃદય

(24) ન્યુમોનીયાનું ચિહન/લક્ષણ તેનાથી.

(A) ટાઢ (B) આંતરડામાં કાણાં (C) તાવ (D) કફ

(25) પોલીમરેઝ ચેઈન રીએક્શન (PCR) માટે જરૂરી ઉત્સેચક

(A) એક્ઝોન્યુક્લીએઝ (B) રીબોન્યુક્લીએઝ (C) Tag પોલીમરેઝ (D) એન્ડોન્યુક્લીએઝ

(26) પરાગરજને અશ્મિ તરીકે સાચવવા નીચે પૈકી કયું મદદરૂપ સાબિત થયું છે ?

(A) સ્પોરોપોલેનીન (B) પોલન કીટ (C) તૈલ ઘટક (D) સેલ્યુલોઝયુક્ત અંતઃચોલ

(27) "ફેડબેચ" આથવણમાં નીચેનામાંથી શેના માટે સતત ખાંડ ઉમેરવામાં આવે છે ?

(A) મિથેન બનાવવા (B) ઉત્સેચકોને શુદ્ધ કરવા

(C) એન્ટિબાયોટિકસ બનાવવા (D) સુએઝને વિઘટિત કરવા

(28) કેટલાક બેક્ટેરિયા Bt વિષના સ્ફટિકો પેદા કરે છે પરંતુ બેક્ટેરિયા સ્વયંને મારતા નથી કારણ કે....

(A) વિષ નિષ્ક્રિય હોય છે. (B) વિષ અપરિપક્વ હોય છે.

(C) બેક્ટેરિયા વિષ પ્રત્યે પ્રતિરોધી છે. (D) વિષ બેક્ટેરિયામાં વિશિષ્ટ કોષ્ઠનમાં આવરિત હોય છે.

(29) અસંગત દૂર કરો.

(A) એસ્કેરિયાસીસ (B) માઈક્રોસ્પોરમ (C) ટ્રાઈકોફાયટોન (D) એપિડાયટોન

(30) કૂટ ફળને ઓળખો.

(A) કાજુ (B) સફરજન (C) સ્ટ્રોબેરી (D) આપેલ બધા

(31) તાજા દૂધમાં ઉમેરવામાં આવતું નિવેશદ્રવ્ય જે દૂધને દહીમાં ફેરવે છે, અહીં નિવેશદ્રવ્ય તેના માટે વપરાયો છે.

(A) વિટામિન – $B_{12}$થી ભરપૂર બેક્ટેરીયા (B) પ્રોટીનથી પ્રચૂર બેક્ટેરિયા

(C) મીલીયન LAB (D) બધાં સાચા

(32) નીચે દર્શાવેલ વનસ્પતિની પુષ્પ ધરાવતી શાખામાી કયા પ્રકારનું રસાયણ મેળવાય છે ?

(A) હેલ્યુસીનોજન (ભ્રમ રચનાર રસાયણ) (B) હતાશા પ્રેરનાર

(C) ઉત્તેજના પ્રેરનાર (D) દર્દ (પીડા) નિવારક

(33) નીચેનામાંથી કયું પેસ્ટ રોગના નિયંત્રણ માટે સૂક્ષ્મજીવોનો ઉપયોગ કરીને કરવામાં આવે છે ?

(A) ટ્રાયકોડમાં જાતિ કેટલાક વનસ્પતિ રોગકારકો સામે (B) ન્યુક્લિઓપોલીટેડ્રૂલ વાઈરસ રાઈમાં સફેદ રસ્ટ સામે

(C) Bt – કોટન કપાસની નીપજ વધારવા માટે (D) ઈન્દ્રગોપ વંદાનો રાઈમાં એફિડની સામે

(34) જનીન પરિવર્તિત સજીવો માટે સારો જવાબ પસંદ કરો.

(A) પાકને અજૈવક ઘટકો સામે તાણ સહન કરવાની ક્ષમતા પૂરી પાડે છે.

(B) રાસાયણિક પેસ્ટીસાઈડઝ ઉપર ઓછો આધાર રાખવો.

(C) ખોરાકના પોષણ મૂલ્યમાં ઘટાડો કરી શકાય છે.

(D) વનસ્પતિ દ્વારા થતા ખનીજ ઉપયોગની ક્ષમતા વધારવી.

(35) નીચેનામાંથી કોને $H_2L_2$, તરીકે દર્શાવી શકાય ?

(A) IgA (B) zelmist (C) IgG (D) આપેલ તમામ

(36) બાયોપેટન્ટ એટલે

(A) શોધનો ઉપયોગ કરવાના હક (B) જૈવસ્ત્રોતોનો ઉપયોગ કરવાના હક

(C) પ્રયોજનોનો ઉપયોગ કરવાના હક (D) પ્રક્રિયાનો ઉપયોગ કરવાનો હક

(37) મનુષ્યના દ્વિતીયક અંડકોષમાં રંગસૂત્રની સંખ્યા....

(A) 23 (B) 45 (C) 18 (D) 20 ।

(38) નીંદણનાશક અવરોધક GM પાકના ઉત્પાદન / ઉપયોગનો મુખ્ય હેતુ શું છે ?

(A) ઈકો–ફ્રેન્ડલી–નીંદણનાશકોને પ્રોત્સાહન આપવું.

(B) ખોરાકના ઘટકોના સ્વાસ્થ્યની સલામતી માટે, નીંદણ નાશકોનો ભરાવો ઘટાડવો.

(C) ખેતરમાંથી મજૂરોના ઉપયોગ વગર નીંદણ દૂર કરવું.

(D) નીંદણનાશકોના ઉપયોગ વગર ખેતરમાંથી નીંદણ દૂર કરવું.

(39) ઈસ્થમસ, એમ્પ્યુલા અને ફિમ્બ્રી કોના ભાગ છે ?

(A) ગર્ભાશય (B) અંડવાહિની (C) શુક્રપીંડ (D) સ્તનગ્રંથિ

(40) નરજન્યુ તેમાં નિર્માણ પામે.

(A) પરાગરજ (B) અંડક (C) ફળ (D) બીજ

(41) કોલોસ્ટ્રમ માટે ખોટું શું ?

(A) તેનાથી નવજાત શિશુને રક્ષણ મળે છે.

(B) તે પીળાશ પડતો સ્ત્રાવ છે જેમાં પુષ્કળ માત્રામાં IgE હોય છે.

(C) શરૂઆતના લેકટેશનનાં દિવસોમાં માતાના દૂધમાંથી નવજાત શીશુને મળે છે.

(D) તે નિષ્ક્રિય પ્રતિકારકતા છે.

(42) સાચી જોડ પસંદ કરો.

(A) Biolistics - (બાયોરિએક્ટર) (B) થર્મસ એક્વેટિકસ T – DNA

(C) પ્લાઝમીડ DNA - vector (D) ECORI - રિસ્ટ્રિકશન એક્ઝોન્યુકિલએઝ

(43) બેવડુ ફલન ..... માં જોવા મળે છે.

(A) લીલ (B) ફૂગ (C) આવૃત બીજધારી (D) અનાવૃત બીજધારી

(44) જો તમને વ્યક્તિમાં, એન્ટિબોડીની મુખ્ય ઊણપ હોવાની શંકા હોય તો નિર્ણાયક પુરાવામાટે નીચેનામાંથી શું જોશો ?

(A) સીરમ ગ્લોબ્યુલિન (B) રૂધિરરસમા ફાઈબ્રીનોજેન

(C) હીમોસાઈટ્સ (ત્રાકકણ) (D) સીરમ આલ્બ્યુમિન

(45) દ્વિતીય લસિકાઅંગોનું સાચું જૂથ પસંદ કરો.

(A) અસ્થિમજ્જા (bone marrow) અને લસિકાગાંઠ (B) બરોળ અને અસ્થિમજ્જા

(C) અસ્થિમજ્જા અને થાયમસ (D) બરોળ અને લસિકગાંઠ

(46) સુસ્પષ્ટ સાબિતી કે DNA જ જનીનિક દ્રવ્ય છે, તે સૌપ્રથમવાર આમણે પ્રતિપાદિત કર્યું.

(A) વીલ્કીન્સ અને ફ્રેકલીન (B) ફ્રેડરીક ગ્રીફિથ

(C) આલ્ફ્રેડ હર્શી અને માર્થા ચેઝ (D) એવેરી, મેકલીઓડ અને મેક્કાર્ટી

(47) ઔદ્યોગિક ઉત્પાદનમાં યીસ્ટનો ઉપયોગ તેની બનાવટમાં થાય

I. ઈથેનોલ II. બ્રેડ III. ટોડી પીણું છે. IV. બાયોગેસ

(A) I અને II (B) I અને III (C) I, II, III (D) IV

(48) શુક્રકોષજનનમાં થતી પ્રક્રિયાનો સાચા ક્રમમાં ગોઠવો.

(a) નરજનન કોષો (સ્પર્મેટોગોનીયા)

(b) દ્વિતીય પૂર્વ શુક્રકોષો

(c) પ્રાથમિક પૂર્વ શુક્રકોષો

(d) પ્રશુક્રકોષો (Spermatids)

(A) c – d – b – a (B) a – b – c – d (C) a – c – b – d (D) c – a – d – b

(49) હિમોફીલીયાના સંદર્ભમાં ખોટું વિધાન કયું છે ?

(A) તે પ્રભાવી રોગ છે.

(B) રૂધિર જામી જવાની ક્રિયામાં અસર કરતું એક જ પ્રોટીન સંકળાયેલ છે.

(C) તે લિંગ સંકલિત રોગ છે.

(D) તે પ્રચ્છન્ન રોગ છે.

(50) એલર્જીના ચિહ્નો દૂર કરવા કઈ દવાનો ઉપયોગ થાય છે ?

(A) એડ્રિનાલીન અને સ્ટીરોઈડ (B) સ્ટીરોઈડ અને એન્ટીબાયોટીક

(C) એન્ટીબાયોટીક અને એન્ટીહિસ્ટેમાઈન (D) એન્ટીબાયોટીક અને એડ્રિનાલીન

## વિભાગ – **B**

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ) (કોઈપણ 8)** **(16)**

(51) લઘુબીજાણુજનન અને મહાબીજાણુજનનની વચ્ચે ભેદ સ્પષ્ટ કરો. આ ઘટનાઓ દરમિયાન કયા પ્રકારનું કોષવિભાજન થાય છે ? આ બંને ઘટનાઓના અંતે નિર્માણ પામતી સંરચનાઓનાં નામ આપો.

(52) માદા (સ્ત્રી)માં બાહ્ય જનનેન્દ્રિયો વિશે માહિતી આપો.

(53) રાષ્ટ્રીય સ્તરે સૌપ્રથમ કયા દેશે પ્રાજનનિક સ્વાસ્થ્ય અંગે આયોજન કર્યું ? ટૂંકમાં માહિતી આપો.

(54) કુટુંબનિયોજનની અવરોધન પદ્ધતિ તરીકે નિરોધનો ઉપયોગ વર્ણવો.

(55) અમુક કિશોરો શા માટે નશાકારક પદાર્થો લેવાનું શરૂ કરે છે ? તેને કઈ રીતે રોકી શકાય ?

(56) તમે કયા ખોરાકમાં લેક્ટિક એસિડ બેકટેરિયા (LAB) જોઈ શકો છો ? તેઓના કેટલાંક ઉપયોગી પ્રયોજનો જણાવો.

(57) આધુનિક બાયોટેકનોલોજીના વિકાસ માટે જવાબદાર પદ્ધતિઓ જણાવો.

(58) પારજનીનિક બેકટેરિયા શું છે ? કોઈ એક ઉદાહરણ દ્વારા વર્ણન કરો.

(59) એવાં લક્ષણોની યાદી બનાવો જે વસ્તીમાં હોય પરંતુ વ્યક્તિગત સજીવોમાં હોતાં નથી.

(60) પ્રાથમિક ઉત્પાદકતા શું છે ? એવા પરિબળો (કારકો)નું સંક્ષિપ્ત વર્ણન આપો જે પ્રાથમિક ઉત્પાદકતા પર અસર કરે છે.

## વિભાગ – C

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 3 ગુણ) (કોઈપણ 6)** **(18)**

(61) શુક્રકોષજનન એટલે શું ? શુક્રકોષજનનની ક્રિયાવિધિ સંક્ષિપ્તમાં વર્ણવો.

(62) મેન્ડલનો પ્રભુતાનો નિયમ (law of dominance) અને વિશ્લેષણનો નિયમ (law of segregation) સમજાવો.

(63) વંશાવળી પૃથક્કરણ શું છે ? આ પૃથક્કરણ કેવી રીતે ઉપયોગી છે. ટિપ્પણી કરો.

(64) બેવડી કુંતલમય DNA ની કઈ વિશિષ્ટતાએ વોટ્સન અને ક્રિકને DNA સ્વયંજનના અર્ધરૂઢિગત સ્વરૂપને કલ્પિત કરવામાં સહયગોગ કર્યો ? સમજાવો.

(65) અપસારિત (divergent) ઉદવિકાસ વિસ્તૃત રીતે સમજાવો. તેની પાછળનું પ્રેરક પરિબળ કયું છે.

(66) કેન્સર શું છે ? કેન્સરકોષ એ સામાન્ય કોષ કરતાં કઈ રીતે જુદો પડે છે ? સામાન્ય કોષ કઈ રીતે કેન્સર કોષોમાં ફેરવાય છે ?

(67) સૂક્ષ્મજીવોના ઉપયોગથી રાસાયણિક ખાતર અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડી શકાય છે. આ કેવી રીતે થઈ શકે છે સમજાવો.

(68) કોઈ એક જૈવભૌગોલિક ક્ષેત્રમાં જાતિક્ષિતિના મુખ્ય કારણો શું છે ?

## વિભાગ – D

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) (કોઈપણ 4)** **(16)**

(69) ભ્રૂણ (Embryo) એટલે શં ? દ્વિદળી અને એકદળી ભ્રૂણની રચના સમજાવો.

(70) નીચેના શબ્દોને ઉદાહરણ સહતિ સમજાવો :

(a) સહ–પ્રભાવિતા

(b) અપૂર્ણ પ્રભુતા

(71) ભાષાંતરની પ્રક્રિયા વિસ્તૃત રીતે વર્ણવો.

(72) પુનઃસંયોજિત DNA ટેકનોલોજીમાં સમાવિષ્ટ થતાં મુખ્ય તબક્કા જણાવો.

(73) પારજનીનિક પ્રાણીઓનું ઉત્પાદન શા માટે કરવામાં આવે છે ?

**Best of Luck**

## વિભાગ – A (MCQ)

● **નીચે આપેલા ચાર જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકના 1 ગુણ)** **(50)**

(1) DNA ના સ્વયંજનની ક્રિયાવિધીમાં DNA ના અણુમાં અંતે.

(A) એક શ્રૃંખલા પિતૃ DNA ની અને બીજી શ્રૃંખલા નવી હોય છે.

(B) બંને શ્રૃંખલા નવી બને છે.

(C) બે શ્રૃંખલા પિતૃ DNA ની હોય છે.

(D) બંને શ્રૃંખલામાં મૂળ DNA થી જુદી હોય છે.

(2) ..... તમારુ વનસ્પતિના મૂળમાં ચેપ પેદા કરે છે અને પાકઉતારામાં ઘટ ઊભી કરે છે.

(A) સૂત્રકૃમિ મિલાડેગાઈન ઈનકોગનીશિયા (B) કોલિએપ્ટેરા (ભૃંગ)

(C) લેપિડોપ્ટેરા (સૈનિક કિટક) (D) ડિપ્ટેરન (મચ્છર)

(3) નીચેનામાંથી સાચું શોધો :

(A) પરસ્પરતામાં ભાગ લેતા બંને સજીવોને નુકશાન થાય

(B) પ્રતીજીવનમાં ભાગ લેતા બંને સજીવોને ફાયદો થાય

(C) સ્પર્ધામાં બને સજીવોને નુકશાન થાય

(D) પરોપજીવનમાં ભાગ લેતા બે સજીવોને ફાયદો જ થાય છે.

(4) જો ન્યુક્લિઓટાઈડની બે જોડ વચ્ચેનું અંતર 0.34 nm હોય અને સસ્તનના લાક્ષણિક કોષોમાના દ્વિકુંતલાકાર DNA માં કુલ બેઝ જોડીની સંખ્યા $6.6 \times 10^9$ bp હોય તો DNA ની લંબાઈ આશરે કેટલી હશે ?

(A) 2.7 મીટર (B) 2.0 મીટર (C) 2.5 મીટર (D) 2.2 મીટર

(5) A–શુક્રાગ્રમાં કણાભસૂત્રો આવેલા છે.

R–શુક્રકોષના મધ્યભાગમાં ઉત્સેચકનો સંગ્રહ થયેલો છે.

(A) A અને R બંને સાચા (B) A અને R બંને ખોટા (C) A સાચું, R ખોટું (D) A ખોટું, R સાચું

(6) રૂધિરમાં કોલેસ્ટ્રોલ ઘટાડવા માટે વપરાતા ઉપયોગી સ્ટેટીન્સ તેમાંથી મેળવવામાં આવે છે.

(A) લીલ (B) યીસ્ટ (C) વાઈરસ (D) બેક્ટેરિયા

(7) Emasculationમાં વનસ્પતિના કયા ભાગને દૂર કરાય છે ?

(A) પરાગાસનને (B) બીજાશયને (C) પરાગવાહિનીને (D) પરાગાશયને

(8) સમીકરણ GPP – R = NPPમાં GPP એ કુલ પ્રાથમિક ઉત્પાદકતા છે. NPPએ વાસ્તવિક પ્રાથમિક ઉત્પાદકતા છે. અહીં R છે .....

(A) પ્રજનન એલોકેશન (B) પ્રકાશ સંશ્લેષણ કરતા સક્રિય વિકિરણો

(C) શ્વસન આંક (D) શ્વસનથી થતો ઘટાડો

(9) નીચે બે વિધાનો આપેલા છે :

વિધાન I : મેન્ડલ વટાણાની વનસ્પતિના સાત જોડ વિરોધી લક્ષણોનો અભ્યાસ કર્યો અને આનુવંશિકતાના નિયમો રજૂ કર્યા.

વિધાન II : વટાણાના છોડમાં મેન્ડલના પ્રયોગમાં જે સાત લક્ષણો જોવામાં આવેલ તે આ લક્ષણો છે : બીજનો આકાર અને રંગ, પુષ્પનો રંગ, શિંગનો આકાર અનેરંગ, પુષ્પની સ્થિતિ અને પ્રકાંડની ઊંચાઈ

ઉપરના બે વિધાનોના સંદર્ભે નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) બંને વિધાન I એ વિધાન II ખોટા છે. (B) વિધાન I સાચું છે પણ વિધાન II સાચું નથી.

(C) વિધાન I સાચું નથી પરંતુ વિધાન II સાચું છે. (D) બંને વિધાન I અને વિધાન II સાચાં છે.

(10) સાચી જોડ શોધો.

| કોલમ–I | કોલમ–II |
|---|---|
| (A) રીકોમ્બીનન્ટ DNA | 1. સામુદ્રીક શેવાળ |
| (B) જેલ ઈલેક્ટ્રોફોરેસીસ | 2. DNA Staining (અભિરંજક) |
| (C) ઈથીડીયમ બ્રોમાઈડ | 3. પ્લાઝમીડ DNA કે જે માનવ DNA માં સામેલ છે. |
| (D) અગારોઝ | 4. પ્રક્રિયાકે જેના દ્વારા DNA ના ટૂકડાઓને તેમનાં કદ મુજબ અલગ કરવામાં આવે છે. |

(A) A – 3, B – 4, C – 2, D – 1 (B) A – 3, B – 2, C – 1, D – 4

(C) A – 2, B – 1, C – 4, D – 3 (D) A – 3, B – 4, C – 1 D – 2

(11) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) એનોથેસીયમ (તંતુમયસ્તર) લઘુબીજાણુઓ ઉત્પન્ન કરે છે.

(B) પોષકસ્તર વિકાસ પામતી પરાગરજને પોષણ આપે છે.

(C) પરાગરજના બહારના સખત આવરણને અંત આવરણ કહે છે.

(D) બીજાણુજનક પેશી એ એકકીય હોય છે.

(12) માનવ ઉવિકાસમાં કાળ પ્રમાણે પહેલાંથી હાલમાં કેવી રીતે હોય

(A) ઓસ્ટ્રેલોપિથેકસ → રામપિથેકસ → હોમાહાબીલીસ → હોમોઈરેક્ટસ

(B) રામપિથેકસ → ઓસ્ટ્રેલોપિથેકસ → હોમાહાબીલીસ → હોમોઈરેક્ટસ

(C) રામપિથેકસ → હોમાહાબીલીસ → ઓસ્ટ્રેલોપિથેકસ → હોમોઈરેક્ટસ

(D) ઓસ્ટ્રેલોપિથેકસ → હોમાહાબીલીસ → રામપિથેકસ → હોમોઈરેક્ટસ

(13) આપેલામાંથી કયું હર્ષિ–ચેઝનો પ્રયોગ માટે સાચું નથી ?

(A) ચેપ (B) બ્લેન્ડીંગ (C) સેન્ટ્રીફયુગેશન (D) PCR

(14) નીચેનામાંથી કયું r – RNA બંધારણીય RNA તરીકે વર્તે છે. ઉપરાંત બેકટેરિયામાં રિબોઝાઈમ હોય છે ?

(A) 5S r RN A (B) 18S r RN A (C) 23S r RN A (D) 5.8S rRN A

(15) પ્રયોગશાળામાં ફલન કરવાની પદ્ધતિમાં નીચેનામાંથી શેને અંડવાહિનીમાં સ્થાનાંતર કરવામાં આવે છે ?

(A) ફક્ત 8 કોષી અવસ્થાના ગર્ભને (B) ફલિતાંડ અથવા 8 કોષી અવસ્થાના ગર્ભને

(C) 32 કોપી અવસ્થાના ગર્ભને (D) ફક્ત ફલિતાંડ

(16) તે ગર્ભજળ–કસોટી પણ કહેવાય

(A) ICSI (B) IVF (C) એમ્નીઓસેન્ટેસીસ (D) ZIFT

(17) નીચેનામાંથી કયું એક જૈવ સમાજનું લક્ષણ છે ?

(A) સ્તરીકરણ (B) જન્મદર (C) મૃત્યુદર (D) જાતિ–પ્રમાણ

(18) ABO રૂધિર જૂથ એ તેનું ઉત્તમ ઉદાહરણ છે.

(A) અપૂર્ણ પ્રભૂતા (B) પોલીપ્લોઈડી (C) એન્યુપ્લોઈડી (D) બહુવૈકલ્પીક કારકો

(19) ..... અને ટ્રેડમાર્ક ઓફિસ દ્વારા અમેરિકાની કંપનીને ..... ઉપર હક આપવામાં આવ્યા.

(A) UK પેટન્ટ અને ઘઉં (B) US પેટન્ટ અને બાસમતી

(C) UK પેટન્ટ અને હળદર (D) UK પેટન્ટ અને લીમડો

(20) નીચેનામાંથી ખોટું વિધાન કયું છે ?

(A) ફૂગ અને સાયનોબેકટેરિયા વચ્ચે સહજીવન જોવા મળે છે.

(B) માઈકોરાઈઝામાં ઉચ્ચકક્ષાની વનસ્પતિનાં મૂળ અને તેની વચ્ચે આવેલ લીલનું સહજીવન છે.

(C) અંજીરમાં માત્ર ભમરાથી જ પરાગનયન થાય છે, અન્યથી નહીં.

(D) મોનાર્ક પતંગીયાનો સ્વાદ ખરાબ હોવાથી તેનાં ભક્ષકો તેને ખાતા નથી.

(21) નાના બાળકમાં થાયમસને નુકસાન થવાથી

(A) કોષીય પ્રતીકારતા વધે (B) રૂધિરમાં હિમોગ્લોબિનની માત્રા ઘટે

(C) રૂધિરરસનાં પ્રોટીનમાં ઘટાડો થાય (D) પ્રતીકારકતા ઘટે

(22) જો એક રંગઅંધ પુરૂષ, સામાન્ય દ્રષ્ટિ ધરાવતી સ્ત્રી સાથે લગ્ન કરે તો, રંગઅંધ હોવા બાબતેની તેમના પુત્રમાં શકયતા કેટલી હશે ?

(A) 0 (B) 0.5 (C) 0.75 (D) 1

(23) નીચેનામાંથી કયા અંતઃસ્ત્રાવનું ગ્રાફીયન પુટીકામાંથી અંડકોષની મુક્તિ (અંડપાત)નું કારણ છે ?

(A) FSH ની નીચી સાંદ્રતા (B) ઇસ્ટ્રોજનની ઊંચી સાંદ્રતા

(C) પ્રોજેસ્ટેરોનની ઊંચી સાંદ્રતા (D) LH ની નીચી સાંદ્રતા

(24) મનુષ્યની માદામાં ગર્ભત્યાગ થવાની પરાવર્તી ક્રિયા ..... દ્વારા પ્રેરિત થાય છે.

(A) પિટ્યૂટરીમાંથી ઓક્સિટોસીનના સ્ત્રાવથી (B) સંપૂર્ણ વિકસિત ભ્રૂણ અને ગર્ભનાળ

(C) સ્તન ગ્રંથિઓના વિભેદનના કારણે (D) એમ્નિયોટીક પ્રવાહી દ્વારા ઉત્પન્ન થતાં દબાણથી

(25) જીન ગન પદ્ધતિમાં, જેમાં વિદેશી DNA ને યજમાન કોષોમાં દાખલ કરવામાં આવે છે – તેમાં ..... ધાતુના લઘુકણો વપરાય છે.

(A) ચાંદી (B) કોપર (C) ઝીંક (D) ટંગસ્ટન અથવા સોનું

(26) તે જીવાણુમાં ઉત્સેચક તરીકે કાર્ય કરે છે.

(A) 23 S RNA (B) t – RNA (C) m – RNA (D) એકપણ નહીં

(27) યોગ્ય રીતે જોડો :

| કોલમ–I | કોલમ–II |
|---|---|
| (a) સજીવ | (i) સમાન જાતિ ધરાવતા સજીવનું સમૂહ |
| (b) વસતિ | (ii) સ્વતંત્ર દેહ |
| (c) સમાજ | (iii) જંગલ, રણ, તણ |
| (d) જૈવવિસ્તાર | (iv) અનેક જાતિઓનું સમૂહ |

(A) a – ii, bi, c – iv, d – iii (B) a – i, b – ii, c – iv, d – i

(C) a – iii, b – iv, c – ii, d – i (D) a – iv, b – iii, c – ii, d – i

(28) – તેઓ રોગકારકો છે.

– તેઓ ઘણાં કિટકો અને સંધિયાદીઓમાં રોગ ઉત્પન્ન કરે છે.

(A) એનાબીના (B) માઈકોરાઈઝા (C) એઝોસ્પાયરીલીયમ (D) બકુલો વાઈરસ

(29) તંતુમય પ્રસધાન કોની લાક્ષણીકતા છે ?

(A) બીજ (B) પ્રતિધ્રુવકોષ (C) ધ્રુવીકોષકેન્દ્ર (D) સહાયકકોષો

(30) એક દેશની વસતિમાં વધારો થતો હોય ત્યારે

(A) પૂર્વ પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓ, પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓથી વધુ હોય છે.

(B) પૂર્વ પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓ, પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓથી ઓછી હોય છે.

(C) પ્રજનનવય જૂથ અને પૂર્વ પ્રજનનવય જૂથ – બન્નેના વ્યક્તિઓ સમાન સંખ્યામાં હોય છે.

(D) પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓ પશ્ચ પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓથી ઓછી હોય છે.

(31) એસીમોટ લોજીસ્ટીક વૃદ્ધિ વક્ર ત્યારે પ્રાપ્ત થાય છે. જ્યારે

(A) $K = N$ (B) $K > N$

(C) $K < N$ (D) r નું મૂલ્ય શૂન્યની નજીક પહોંચે છે.

(32) તમાકુનો જાણીતો ઉપયોગ એડ્રિનાલીન અને નોર એડ્રિનાલીનનો સ્ત્રાવ વધારવા માટે થાય છે. આ માટે જવાબદાર ઘટકો તે હોઈ શકે.

(A) નીકોટીન (B) કોલોસ્ટ્રોમ (C) કુરકુમીન (D) સ્ટાર્ચ

(33) તેમાં સંવૃત્ત પુષ્પતા જોવા મળે

(A) કોમેલીના (B) યુક્કા (C) માલ્વા (D) હાઈડ્રીલ

(34) હરિયાળી ક્રાંતિમાં પાક ઉત્પાદનમાં તેનાં ઉપયોગથી વધારો થાય છે.

I. સુધારેલી પાકની જાતથી

II. એગ્રોકેમિકલ્સ

III. યોગ્ય સંચાલન અભ્યાસથી

(A) I and II only (B) I and III only (C) II and III only (D) I, II and III

(35) તે બંનેનો સ્ત્રોત સૂર્ય છે.

(A) તાપમાન અને પાણી (B) પાણી અને પ્રકાશ (C) તાપમાન અને પ્રકાશ (D) પાણી અને ઓકસીજન

(36) મિથેનોજેન્સ તરીકે ઓળખાતા સજીવો ..... માં પુષ્કળ માત્રામાં જોવા મળે છે.

(A) સલ્ફર ખડકોમાં (B) ઢોલના વાડામાં (C) પ્રદૂષિત ઝરણામાં (D) ગરમ પાણીના ઝરણામાં

(37) વનસ્પતિ કોષમાં બહારના DNA ને સીધું જ દાખલ કરવા માટે કઈ પદ્ધતિ વધારે ઉપયોગી છે ?

(A) જૈવ–પ્રાક્ષેપકી (B) સૂક્ષ્મ અંતઃકોણ (C) મેદસ્વીકરણ (D) વિદ્યુતછિદ્રતા

(38) આંતરીક અંગોમાં કેન્સરનું નિદાન માટેની પદ્ધતિ

(A) radiography (B) computed tomography

(C) magnetic resonance imaging (MRI) (D) All of the above

(39) જનીનની એક કોડિંગ શૃંખલા પર AGGT ATCGC AT બેઝ ક્રમ છે તો પ્રત્યાક્તિ mRN A શૃંખલા પરનો પૂરક ક્રમ શું હશે ?

(A) AGGU AUCGC AU (B) UCC AU AGCGU A

(C) ACCU AUGCG AU । (D) UGGTU TCGC AT

(40) કયા સ્તરે જનીન અભિવ્યક્તિનું નિયંત્રણ ન થતું હોય ?

(A) પ્રત્યાંકન સ્તર (પ્રાથમિક પ્રત્યાંક અનુલેખનું નિર્માણ)

(B) પ્રક્રિયા સ્તર (સ્પ્લિસિંગનું નિયમન)

(C) ભાષાંતરીય સ્તર

(D) સ્વયંજનન સ્તર

(41) સાચી જોડ પસંદ કરો.

(A) જૈવ પ્રાક્ષેપિકી (બાયોરિએકટર) (B) થર્મસ એક્વેટિકસ – T – DNA

(C) પ્લાઝમીડ DNA – vector (D) ECORI - રિસ્ટ્રિકશન એકઝોન્યુક્લિએઝ

(42) રંગસૂત્રીય અનિયમતતા કે સંલગ્નતા સાથે યોગ્ય રીતે મળતી માનવીમાં નીચે દર્શાવેલ પરિસ્થિતિઓ પૈકી એક કઈ છે ?

(A) ઈરીથ્રોબ્લાસ્ટોસીસ ફોઈટાલીસ – X સંકલિત

(B) ડાઉન્સ સિન્ડ્રોમ – 44 દૈહિક રંગસૂત્રો + X0

(C) ક્લાઈનેફેલ્ટર્સ સિન્ડ્રોમ – 44 દૈહિક રંગસૂત્રો + XXY

(D) રંગઅંધતા – Y સંકલિત

(43) ..... અને ..... વનસ્પતિની પરાગરજ પોતાની જીવીતતા 30 Min માં ગુમાવી દે છે.

(A) ઘઉં અને કેરી (B) ઘઉં અને ચોખા (C) કેરી અને ચોખા (D) ચોખા અને શેરડી

(44) શુક્રકોષમાં આવેલ કણાભસૂત્રનું કાર્ય.

(A) શુક્રકોષના હલનચલનને નિયંત્રિત કરે (B) શુક્રકોષને પ્રચલન ક્ષમતા માટે જરૂરી ઊર્જા પૂરી પાડે

(C) કોષકેન્દ્રને ઊર્જા પૂરી પાડે (D) એકપણ નહીં

(45) નીચેનામાંથી કયું એક ઋતુચક્ર દરમિયાન બનતું સાચું જોડકું છે ?

(A) પ્રોલીફરેટીવ તબક્કો – માયોમેટ્રીયમનું ઝડપથી પુનઃસર્જન અને ગ્રાફીયન ફોલીકલ પુખ્ન બને છે.

(B) સ્ત્રાવી તબક્કો – કોર્પસ લ્યુટિયમનું તૂટી જવું અને અંડકોષનું ફલન થતું નથી.

(C) ઋતુસ્ત્રાવ – માયોમેટ્રીયમનું તૂટી જવું અને અંડકોષનું ફલન થતું નથી.

(D) અંડકોષપાત – LH અને FSH ખૂબ જ વધી જાય છે અને પ્રોજેસ્ટેરોનનો સ્ત્રાવ ઝડપથી ઘટી જાય છે.

(46) મોટાથી નાના ક્રમમાં જનીન દ્રવ્યની ગોઠવણીનો ક્રમ ઓળખો.

(A) જીનોમ – રંગસૂત્ર – જનીન – ન્યુક્લિઓટાઈડ (B) રંગસૂત્ર – જનીન – જીનોમ – ન્યુક્લિઓટાઈડ

(C) જીનોમ – રંગસૂત્ર – ન્યુક્લિઓટાઈડ – જનીન (D) રંગસૂત્ર – જીનોમ – ન્યુક્લિઓટાઈડ – જનીન

(47) કોષકેન્દ્ર રસમાંથી RNA પોલીમરઝ દૂર કરવામાં આવે તો કોનાં નિર્માણની પ્રક્રિયા પર અસર થશે ?

(A) r – RN A (B) hn – RN A (C) t – RN A (D) m – RN A

(48) માણસમાં મોરૂલાના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) વિખંડન પામ્યા વગર ફલિતાંડમાં સરખા પ્રમાણમાં કોષરસ હોય છે પરંતુ DNA નું પ્રમાણ ઘણું વધારે હોય છે.

(B) વિખંડ પામ્યા વગરના ફલિતાંડમાં ઘણા ઓછા પ્રમાણમાં કોષરસ અને DNA હોય છે.

(C) તેમાં વધુ અથવા ઓછા પ્રમાણમાં કોષરસ અને DNA હોય છે.

(D) વિખંડન પામ્યા વગરના ફલિતાંડ કરતાં વધુ પ્રમાણમાં કોષરસ અને DNA હોય છે.

(49) આલ્નસની મૂળગંડિકામાં નાઈટ્રોજનનું સ્થાપન આના દ્વારા થાય છે.

(A) ફ્રેન્કીયા (B) એઝોરાઈઝોબિમ (C) બ્રેડીરાયઝોબિયમ (D) ક્લોસ્ટ્રીડિયમ

(50) પરાગરજનો આશરે વ્યાસ

(A) 25 – 50 A° (B) 25 – 50 માઈક્રોન

(C) 20 – 25 માઈક્રોમીટર (D) 25 – 50 માઈક્રોમીટર

## વિભાગ – **B**

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ) (કોઈપણ 8)** **(16)**

(51) આવૃત બીજધારી વનસ્પતિના પુષ્પના ભાગોનાં નામ આપો કે જ્યાં નર તેમજ માદા જન્યુનો વિકાસ થાય છે ?

(52) કોથળી ચઢાવવી (bagging) તકનિક શું છે ? વનસ્પતિ સંવર્ધન–કાર્યક્રમમાં આ કેવી રીતે ઉપયોગી છે ?

(53) શુક્રઉત્પાદક નલિકાની રચના વર્ણવો.

(54) વસ્તીવધારો અને જન્મદર નિયંત્રણની જરૂરિયાત સમજાવો.

(55) મેન્ડલનો પ્રભૂતાનો નિયમ (law of dominance) અને વિશ્લેષણનો નિયમ (law of segregation) સમજાવો.

(56) DNA ફિંગર પ્રિન્ટિંગ શું છે ? તેનું પ્રયોજન જણાવો.

(57) DNA પેકેજિંગમાં હિસ્ટોનનું શું કાર્ય છે ?

(58) એન્ટીબોડી અણુની નામનિર્દેશિત આકૃતિ દોરો.

(59) સક્રિય અને નિષ્ક્રિય પ્રતિકારકતા સમજાવો.

(60) નિવસનતંત્રીય સેવાઓ એટલે શું ? કોઈ પણ ચાર નિવસનતંત્રીય સેવાઓ, કુદરતી નિવસનતંત્ર દ્વારા પૂડી પાડવામાં આવે છે તેની યાદી બનાવો. તમો નિવસનતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાનો ચાર્જ વસૂલ કરવામાં આવે તેની તરફેણમાં વિરૂદ્ધમાં છો તે જણાવો.

## વિભાગ – C

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 3 ગુણ) (કોઈપણ 6)** **(18)**

(61) પુનઃ સંયોજિત પ્રોટીન કઈ રીતે પ્રાપ્ત કરી શકાય છે ?

(62) ઉચિત નામનિર્દેશિત આકૃતિની મદદથી સંભાવ્ય વૃદ્ધિચક્ર (curve) નું વર્ણન કરો.

(63) સહાયક પ્રજનન પદ્ધતિઓ (ART) એટેલે શું ? તેની અગત્યતા અને તેના અંતર્ગત કઈ કઈ પદ્ધતિઓ આવેલ છે ?

(64) વિકૃતિ કોને કહે છે ? તેની ટૂંકમાં માહિતી આપો.

(65) HGP માટેની કાર્યપ્રણાલી વિશે સમજાવો.

(66) ડાર્વિનના ઉદવિકાસના ચાવીરૂપ સિદ્ધાંતો કયા હતા ?

(67) જૈવવિવિધતાની ભાતરૂપે અક્ષાંશીય ઢોળાંશ (Latitudinal Gradients) ની માહિતી આપો.

(68) વિઘટનને વ્યખ્યાયિત અને વિઘટનની પ્રક્રિયાઓ તથા નીપજો વર્ણવો.

## વિભાગ – D

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) (કોઈપણ 4)** **(16)**

(69) આલ્કોહોલ / નશાકારક દ્વારા થતી હાનિકારક અસરોની સૂચિ બનાવો.

(70) બાયોગેસ પ્લાન્ટ વિશે માહિતી આપો.

(71) વ્યક્તિગત અને વસ્તી પાસે તેમના વિવિધ લક્ષણો છે. તેના નામ આપી તેને વ્યાખ્યાયિત કરો.

(72) નિવસતંત્રની સંરચના અને તેની કાર્યકી સમજાવો.

(73) નીચે આપેલનું સંક્ષિપ્તમાં વર્ણન કરો :

(a) સ્વયંજનનની ઉત્પતિ

(b) બાયોરિએકટર

(c) અનુપ્રવાહિત – પ્રક્રિયા

**Best of Luck**

## વિભાગ – A (MCQ)

● **નીચે આપેલા ચાર જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકના 1 ગુણ)** **(50)**

(1) આકર્ષકો અને બદલો ..... માટે જરૂરી છે.

(A) કીટકો દ્વારા પરાગનયન (B) જલ દ્વારા પરાગનયન

(C) સંવૃત પુષ્પતા (D) પવન દ્વારા પરાગનયન

(2) પુંકેસર તંતુનો અગ્ર છેડો કોની સાથે જોડાય છે ?

(A) યોજી (B) પુષ્પાસન અથવા દલપત્ર

(C) જરાયું (D) પરાગાશય

(3) પાર્થેનિયમ (ગાજરઘાસ) માટે શું સાચું છે ?

(a) તે આયાત કરેલા ઘઉંમાં અશુદ્ધી તરીકે આવેલી છે. (b) તે એર્લજી કરે છે.

(c) તેનાં પુષ્પમાં અલિંગી પ્રજનન થાય છે.

(A) b – સાચું (B) b, c – સાચા (C) a – સાચું (D) a, b – સાચા

(4) તે જલીય પર્યાવરણમાં ઉગતી વનસ્પતિ છે પરંતુ તેમા પરાનયન કિટકો/હવા દ્વારા થાય છે.

(A) વેલીસનેરીયા (B) હાઈડ્રીલા (C) ઝોસ્ટેશ (D) વોટર હાયેસીન્થ

(5) નીચેનામાંથી કોનામાં ફૂદા દ્વારા પરાગનયન થાય ?

(A) ઝોસ્ટેરા (B) નાળિયેર (C) યુક્કા (D) હાઈડ્રિલા

(6) કેપેસીટેશન (સક્રિયા બનાવવું) ..... માં થાય છે.

(A) શુક્રપિંડ જાલિકા (B) અધિવૃષણ નલિકા (C) માદા પ્રજનન માર્ગ (D) શુક્રવાહિની

(7) X–માદામાં અંડવાહિની, ગર્ભાશય અને યોની એ સહાયક નલીકામય માર્ગ છે.

Y–નરની સહાયક જનનવાહિનીઓમાં શુક્રવાહિકા, અધિવૃષણનલિકા અને શુક્રવાહિની છે જ્યારે રેટેટેસ્ટીસ બાહ્ય જનનાંગ છે.

(A) X અને Y બંને સાચાં છે. (B) X અને Y બંને ખોટાં છે.

(C) X સાચું છે જ્યારે Y ખોટું છે. (D) X ખોટું છે જ્યારે Y સાચું છે.

(8) સ્તનગ્રંથીમાંથી દૂધનાં વહનનો સાચો માર્ગ

(A) સ્તનખંડો → સીનકુપિકાઓ → સ્નનલિકા → તુંબિકા → દુગ્ધનળી

(B) સ્તનકુપિકાઓ → સ્તનખંડો → તુંબિકા → સ્તનનલિકા → દુગ્ધનળી

(C) સ્તનખંડો → દુગ્ધનળી → સ્તનકુપિકાઓ → તુંબિકા → સ્તનનલિકા

(D) સ્તનખંડો → સ્તનનલિકા → દુગ્ધનળી → સ્તનકુપિકાઓ → તુંબિકા

(9) કોપર્સ લ્યુટીયમ ..... નો સ્ત્રાવ કરે છે.

(A) LH (B) ઇસ્ટ્રોજન (C) પ્રોજેસ્ટેરોન (D) FSH

(10) ..... પ્રકારના IU Ds ગર્ભાશયને ર્ગભસ્થાપન માટે પ્રતિકૂળ બનાવે છે અને ગ્રીવાને શુક્રકોષ માટટે અપ્રવેશ્ય બનાવે છે.

(A) બિનઔષધીય (B) મુખ વાટે લેવાતા ગર્ભ અવરોધ

(C) કોપર મુક્ત કરતા (D) અંતઃસ્ત્રાવ મુક્ત કરતા

(11) સહાયક પ્રજનન પદ્ધતિમાં, ZIFTમાં,

(A) ફલિતાંડને અંડવાહિનીમાં તબદલી કરવામાં આવે છે.

(B) ફલિતાંડને ગર્ભાશયમાં તબદલી કરવામાં આવે છે.

(C) 16 ગર્ભકોણી ખંડવાળા ગર્ભને અંડવાહિનીમાં તબદલી કરવામાં આવે છે.

(D) અંડકોષને અંડવાહિનીમાં તબદી કરવામાં આવે છે.

(12) CuT, LNG – 20 અને Cu7 એ કોનાં ઉદાહરણ છે ?

(A) ગર્ભ અવરોધક pills (B) વંધ્યીકરણ માટેની શસ્ત્રક્રિયા

(C) ART (D) આંતર ગર્ભાશય સાધનો

(13) કયા રોગમાં XXY કેરિયોટાઈપ જોવા મળે છે ?

(A) ડાઉન સીન્ડ્રોમ (B) કલાઈન ફેલ્ટર્સ સીન્ડ્રોમ

(C) ટર્નર્સ સિન્ડ્રોમ (D) એડવર્ડ સીન્ડ્રોમ

(14) મેન્ડેલના કાર્યનું પુનઃસંશોધન કોણે કર્યું ?

(A) લેમાર્ક, ધ બ્રિઝ અને કોરેન્સ (B) ધ બ્રિઝ, કોરેન્સ અને વોન શેરમાર્ક

(C) મોર્ગન, બીડલ અને ટેરમ (D) ધ બ્રિઝ, મોર્ગન અને કોરેન્સ

(15) પ્યુનેટ ચોરસ (Punnet square) એ ..... સમજાવતી ચિત્રાત્મક રજૂઆત છે.

(A) genetic cross (જનીનિક સંકરણ)થી મળતા ફક્ત પ્રભાવી જનીન સ્વરૂપની સંભાવના

(B) genetic cross (જનીનિક સંકરણ)થી મળતા ફક્ત પ્રચ્છન્ન જનીન સ્વરૂપની સંભાવના

(C) genetic cross (જનીનિક સંકરણ)થી મળતા જનીન સ્વરૂપની બધી જ સંભાવના

(D) genetic cross (જનીનિક સંકરણ)થી મળતા દેખાવ સ્વરૂપની બધી જ સંભાવના

(16) આપેલા Pedigree ચાઈનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોનો સાચો વિકલ્પ પસંદ કરો.

(1) આપેલા લક્ષણ પ્રભાવી છે કે પ્રચ્છન છે ?

(2) આપેલા લક્ષણ લિંગ સંકલીત છે કે દૈહિક છે ?



(A) પ્રભાવી, લીંગી રંગસૂત્ર સંકલીત (B) પ્રભાવી, દૈહિક રંગસૂત્ર સંકલીત

(C) પ્રચ્છન્ન, દૈહિક રંગસૂત્ર સંકલીત (D) પ્રચ્છન, લીંગી રંગસૂત્ર સંકલીત

(17) આકૃતિ DNA ના ઈમ્લીકેશનનો અગત્યનો ખ્યાલ દર્શાવે છે. A થી C માં ખાલી જગ્યા ભરો.




(A) A – પ્રત્યાંકન, B – ભાષાંતર, C – ફ્રાન્સિસ ક્રીક

(B) A – ભાષાંતર, B – પ્રત્યાંકન, C – ઈરવીન શેન્ગોફર

(C) A – પ્રયાંકન, B – સ્વયંજનન, C – જેમ્સ વોટ્સન

(D) A – ભાષાંતર, B – વૃદ્ધિ, C – રોજાવિન્ડ ફ્રેન્કલીન

(18) આપેલામાંથી કયુ વિધાન હ્યુમન જીનોમનું વિશિષ્ટ લક્ષણ નથી.

(A) માનવજીનોમમાં 3164.7 ન્યૂક્લિટાઈડ બેઈઝ આવેલા છે.

(B) શોધાયેલા જનીનોમાંથી 50% જનીનોનાં કાર્યો અજાણ છે.

(C) બે ટકા કરતાં વધારે જનીનો પ્રોટીન માટેના સંકેતો પૂરા પાડે

(D) પ્રથમ રંગસૂત્ર સૌથી વધુ જનીન ધરાવે છે જ્યારે Y રંગસૂત્ર ઓછા જનીનો ધરાવે છે.

(19) DNA ને જનીન દ્રવ્ય કહે છે, કારણ કે....

(A) DNA રાસાયણિક અને રચનાત્મક રીતે સ્થાયી દ્રવ્ય છે.

(B) સ્વયંજનનો ગુણધર્મ ધરાવે છે.

(C) મેન્ડેલિયન લક્ષણોના રૂપમાં તે તેની જાતની અભિવ્યક્તિ કરે છે.

(D) ત્રણેય સાચા

(20) નીચેનામાંથી કોણ lac operon માટે repressor (નિગ્રાહક)નાં સંકેતો ધરાવે છે ?

(A) i – જનીન (B) z – જનીન (C) y – જનીન (D) ડીસ્ટ્રોફીન

(21) ઔદ્યોગિક મેલેનિઝમ એ શેનું ઉદાહરણ છે ?

(A) વિકૃતિ (B) નીઓ લેમાર્કઝમ (C) નીઓ ડાર્વિનિઝમ (D) પ્રાકૃતિક પસંદગી

(22) પ્રક્રિયા જેમાં ભિન્ન ઉદવિકાસય ઈતિહાસ ધરાવતા સમાન દેખાવ સ્વરૂપ અનુકૂલનો સમાન પર્યાવરણમાં પ્રતિચારરૂપે ઉદવિકાસ પામે છે તેને શું કહે છે ?

(A) અનિયમિત ઉદવિકાસ (B) અનુકૂલિત પ્રસરણ (C) પ્રાકૃતિક પસંદગી (D) કેન્દ્રગામી ઉદવિકાસ

(23) ..... અને ..... દર્શાવ્યું કે જીવન પુર્વ અસ્તિત્વ ધરાવતા અજૈવ કાર્બનિક અણુઓમાંથી આવ્યું હોવું જોઈએ ?

(A) પાશ્ચરે અને ઓપેરીન (B) ઓપેરીન અને હાલ્ર્ડન (C) હાલ્ડન અને પાશ્ચરે (D) પાશ્ચર અને મિલર

(24) અસંગત દૂર કરો.

(A) છછુંદર (B) કીડીખાઉ

(C) માર્સૂપિયલ ઉંદર (D) લેમુર

(25) લોબફિન્સમાં તેનો સમાવેશ થાય.

(A) સરીસૃપ (B) સાલામાન્ડર (C) ડાયનાસોર (D) ઈકથીઓસોરસ

(26) – તે ભૂમીનાં સરીસૃપો છે.

– તે ખૂબ મોટા કટાર જેવા દાંત ધરાવે છે.

(A) ઈકથીઓસોરસ (B) Shrew (C) લોબફિન્સ (D) ટાયરાનોસોરસ રેક્ષ

(27) યકૃતનું સીરોસીસ એ લાંબા સમય સુધી લેવાથી થાય છે.

(A) અફીણ (B) આલ્કોહોલ (C) તમાકુ (ચાવવી) (D) કોકેઈન

(28) હાથીપગો કોના દ્વારા થાય ?

(A) માખી (B) પ્લાઝમોડીયમ

(C) Wuchereria bancrofti and W malayi (D) એન્ટઅમીબા હિસ્ટેલાઈટીકા

(29) દ્વિતીય લસિકાઅંગોનું સાચું જૂથ પસંદ કરો.

(A) અસ્થિમજ્જા (bone marrow) અને લસિકાગાંઠ

(B) બરોળ અને અસ્થિમજા

(C) અસ્થિમજ્જા અને થાયમસ

(D) બરોળ અને લસિકાગાંઠ

(30) A – એઈડ્સ HIV થી થાય છે. R – એઈડ્સમાં, HIV મદદકર્તા T – લસિકાકોષોમાં પ્રવેશે છે.

(A) A અને B બંને સાચા (B) A અને B બંને ખોટા (C) A સાચું, R ખોટું (D) A ખોટું, R સાચું

(31) સાચી જોડ શોધો.

(A) યીસ્ટ – ઈથેનોલ ઉત્પાદન (B) ટ્રાયકોડર્મા પોલીસ્પોરમ – સ્ટેટીન્સ

(C) મોનાસ્કસ પુરપુરિયસ – સાયકલોસ્પોરિન–A (D) બધા સાચા

(32) STP માં પ્રાથમીક તબક્કામાં થતી પ્રક્રિયા

(A) સીવજ માંથી નાના મોટા કદના કણોનું ભૌતિક ક્રિયા દ્વારા દૂર કરવું

(B) સીવેજમાંથી નાના અને મોટા કદનાં કણોનું જૈવિક ક્રિયા દ્વારા નિકાલ

(C) A અને B બંને

(D) સીવેજમાંથી નાના અને મોટા કદના કણોનું રાસાયણીક ક્રિયા દ્વારા નિકાલ

(33) X – સુવેઝ પ્રદૂષણનાં નિકાલની પ્રક્રિયા બે તબક્કામાં કરવામાં આવે છે.

Y – તેમાં સૂક્ષ્મજીવો દ્વારા પ્રક્રિયા કરવામાં આવે છે.

(A) X – Y ખોટા

(B) X – Y સાચા

(C) X –સાચું, Y – ખોટું

(D) X – ખોટું, Y – સાચું

(34) આપેલ કોષ્ટકમાં a, b, c માટે સાચો જવાબ પસંદ કરો.

| સૂક્ષ્મજીવાણુંઓના પ્રકાર | વૈજ્ઞાનિક નામ | સૂક્ષ્મજીવાણુંઓના પ્રકાર |
|---|---|---|
| બેક્ટેરીયમ | | ઉત્સેચક જે રૂધિર ગંઠાયેલુ હોય તેને તોડવા માટે |
| a | એસ્પરજીલસ નાઈજર | સાઈટ્રીક એસિડ |
| ફૂગ | ટ્રાયકોડર્મા, પોલીસ્પોરમ | c |
| બેક્ટેરીયમ | | બ્યુટીરિક એસિડ |

(A) a – સ્ટ્રેપ્ટોકોકસ, b – ફૂગ, c – સાયક્લોસ્પોરીને – A, d – કલોસ્ટ્રીડીયમ બ્યુટીલીકમ

(B) a – કલોસ્ટ્રીડીયમ બ્યુટીલીકમ, b – બેકટેરીયમ, c – સાયકલોસ્પોરીન – A, d – લેટોબેસીલસ

(C) a – પ્રોપીયોનીબેકટેરિયમ શર્માની b – બેકટેરીયમ, c – ટોકાઈનેઝ, d – પેનીસીલીયમ રોકવીફોર્ટી

(D) a – માઈકોસ્પોરમ, b – ફૂગ – c – ટાટરીક એસિડ, d – સ્ટ્રેપ્ટોકોકસ

(35) આપેલામાંથી કઈ પ્રવિધિઓને સામૂહિક રીતે અનુપ્રવાહિત સંસાધન તરીકે ઉલ્લેખવામાં આવે છે ?

(A) એકત્રીકરણ અને પૃથક્કરણ (B) એકત્રીકરણ અને શુદ્ધિકરણ

(C) અલગીકરણ અને શુદ્ધિકરણ (D) વૃદ્ધિ અને એકત્રીકરણ

(36) આપેલામાંથી કયું વિધાન જેલ ઈલેકટ્રોફોરેસિસ પદ્ધતિથી અલગ કરેલા DNA ને જોવા માટે સાચું છે ?

(A) અભિરંજક વગર પ્રકાશમાં DNA ના ટુકડા જોઈ શકાય છે.

(B) અભિરંજક કરેલા DNA ના ટુકડાઓને UV કિરણોનાપ્રકાશમાં જોઈ શકાય છે.

(C) અભિરંજક વગર DNA ના ટુકડા UV કિરણોના પ્રકાશમાં જોઈ શકાય છે.

(D) અભિરંજક કરેલા DNA ના ટુકડા પ્રકાશમાં જોઈ શકાય છે.

(37) એન્ટીબાયોટીકક પ્રતિકાત્મક જનીનનું ઈ–કોલાઈમાં બહુગુણીત થવાની પ્રક્રિયાને ..... કહે છે.

(A) ક્લોનિંગ (B) ટ્રાન્સક્રિપ્શન (C) PCR (D) પ્રોટીન સંશ્લેષણ

(38) બાયોટેકનોલોજીમાં RNA ને દૂર કરવા માટે ..... ઉત્સેચક જ્યારે પ્રોટીનને દૂર કરવા માટે ..... ઉત્સેચક વપરાય છે.

(A) સહસંયોજક બંધ (B) ડાયસલ્ફાઈડ બંધ (C) હાઈડ્રોજન બંધ (D) ફોસ્ફોડાયેસ્ટર બંધ

(39) વનસ્પતિમાં t – DNA ની પ્રવેશ કોની સાથે સંકળાયેલ છે ?

(A) પાણીમાં વનસ્પતિનાં મૂળ ઊભાં રહે તે માટે (B) પાણીમાં વનસ્પતિનાં મૂળ ઊભાં રહે તે માટે.

(C) એગ્રોબેકટેરિયમ ટ્યુમીફીકેન્સના વનસ્પતિના ચેપ માટે.

(D) વનસ્પતિને ગરમીની આઘાતજનક અસર કરતાં, ભૂમિની pH બદલવી.

(40) વનસ્પતિમાં t – DNA નો પ્રવેશ કોની સાથે સંકળાયેલ છે ?

(A) પાણીમાં વનસ્પતિનાં મૂળ ઊભાં રહે તે માટે.

(B) પાણીમાં વનસ્પતિનાં મૂળ ભા રહે તે માટે.

(C) એગ્રોબેક્ટેરિયમ ટ્યુમીફીકેન્સના વનસ્પતિના ચેપ માટે.

(D) વનસ્પતિને ગરમીની આઘાતજનક અસર કરતાં, ભૂમિની pH બદલવી.

(41) રીકોમ્બિનન્ટ પદ્ધતિ દ્વારા સૌપ્રથમ નિર્માણ પામેલ માનવ અંતઃસ્ત્રાવ કયો છે ?

(A) ઈન્સ્યુલિન (B) ઈસ્ટ્રોજન (C) થાયરોક્સિન (D) પ્રોજેસ્ટેરોન

(42) ભારતમાં નીચે પૈકી કયા Bt પાકો ખેડૂતો દ્વારા ઉછેરવામાં આવે છે ?

(A) રીંગણ (B) સોયાબીન (C) મકાઈ (D) કપાસ

(43) સહજીવનનું ઉદાહરણ

(A) રિસિયા (B) સેલાનેલા (C) લાઈકેન (D) સ્પાયરોગાયરા

(44) સામાન્ય પરિસ્થિતિમાં વસ્તીને અસર કરતા મુખ્ય ઘટકો ..... રહે છે.

(A) જન્મ અને મૃત્યુ (B) જન્મ અને આયાત (C) આયાત અને નિર્યાત (D) મૃત્યુ અને નિયંત

(45) મોટાલિટી

(A) ચોક્કસ સમયમાં વસવાટમાંથી અન્ય સ્થળે સ્થળાંતર થયેલા સભ્યો.

(B) ચોક્કસ સમયમાં વસ્તીમાં જન્મને કારણે ઉમેરાયેલા સભ્યો.

(C) ચોક્કસ સમયે તે જ જાતિનાં તે વસવાટમાં બહારથી આવેલા સભ્યો.

(D) ચોક્કસ સમયમાં વસ્તીમાં મૃત્યુ પામેલા સભ્યો.

(46) દ્વિતીય ઉત્પાદકતા એટલે, આના દ્વારા નવા બનતા સેન્દ્રિય દ્રવ્યના ઉત્પાદનનો દર.....

(A) ઉપભોક્તા (B) વિઘટક (C) ઉત્પાદક (D) પરોપજીવી

(47) નીચે આપેલ માહિતીમાંથી કઈ જાતની પરિસ્થિતિકીય પિરામિડ મેળવાશે ?

દ્વિતીય ઉપભોગીઓ : 120g

પ્રાથમિક ઉપભોગીઓ : 60 g

પ્રાથમિક ઉત્પાદકો : 10 g

(A) જૈવભારનો સીધો પિરામિડ (B) જૈવભારનો ઊંધો પિરામિડ

(C) સંખ્યાનો સીધો પિરામિડ (D) શક્તિનો પિરામિડ

(48) યજમાનમાછલી લૂપ્ત થાય છે ત્યારે તેમનામાં નભતી પરોપજીવી જાતિ પણ નાશ પામે છે. આ શેનું ઉદાહરણ છે ?

(A) વસવાટની નાબૂદી (B) સહકૂમતા

(C) વિદેશી જાતિઓનું આક્રમણ (D) અતિશોષણ

(49) નીચે પૈકી ઉચ્ચ સ્તરની જૈવવિવિધતા કયાં જોવા મળે છે ?

(A) ખાડી પ્રદેશો (B) પૂર્વઘાટ

(C) ગુજરાતનો દરિયાઈ વિસ્તાર (D) પશ્ચિમ ઘાટ

(50) Log S = logC + Zlog A, C = ? .....

(A) Y અવરોધન (B) સ્વસ્થાન સંરક્ષણ (C) એરીયા (D) જાતીની ગીચતા

## વિભાગ – B

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 2 ગુણ) (કોઈપણ 8)** **(16)**

(51) શુક્રપિંડ અને અંડપિંડ દરેકના મુખ્ય બે કાર્યો લખો.

(52) પ્રસૂતિ એટલે શું ? કયા અંતઃસ્ત્રાવો પ્રસૂતિને પ્રેરવામાં સંકળાયેલ છે ?

(53) જાતિય સંક્રમિત રોગો પ્રાજનનિક સ્વાસ્થ્યને પડકારરૂપ છે. કોઈ બે જાતીય સંક્રમિત ક્ષેત્રો વર્ણવો અને પ્રતિકારક પગલાઓ સૂચવો.

(54) ટૂંકનોંધ લખો : હિમોફોલિયા

(55) બે વિષમયુગ્મી પિતૃનો પરફલન કરવામાં આવ્યો. જો તેમાં બે સ્થળો સહલગ્ન છે, તો દ્વિસંકરણ પરફલનમાં $F_2$ પેઢીના સ્વરૂપ પ્રકારના લક્ષણોનું વિતરણ કર્યું હશે ?

(56) તમારા દ્રષ્ટિકોણે યુવાનો શા માટે આલ્કોહોલ અથવા ડ્રગ્સ લેવા પ્રેરિત થાય છે અને તેને કઈ રીતે રોકી શકાય ?

(57) સંકરણ કરતા જનીન ઈજનેરી વિદ્યા કઈ રીતે શ્રેષ્ઠ છે ?

(58) રિસ્ટ્રક્શન ઉત્સેચકો અને તેનું નામકરણ સમજાવો.

(59) જનીનિક રૂપાંતરિત પાકોના ઉત્પાદનના ફાયદા તથા ગેરફાયદાની તુલનાત્મક સરખામણી કરો.

(60) જૈવતસ્કરી સમજાવો.

## વિભાગ – C

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 3 ગુણ) (કોઈપણ 6)** **(18)**

(61) મહાબીજાણુધાની (અંડક) (Megasporengium) ની ના આકૃતિસહ વર્ણવો.

(62) સહાયક પ્રજનન પદ્ધતિઓ (ART) એટલે શું ? તેની અગત્યતા અને તેના અંતર્ગત કઈ કઈ પદ્ધતિઓ આવેલ છે ?

(63) પુનેટ સ્કેવરના ઉપયોગ દ્વારા મેન્ડલના એકસંકરણ પ્રયોગની સમજૂતી આપો.

(64) ઓપેરોનની વ્યાખ્યા, ઉદાહરણ સહિત આપી, પ્રેરક એપરોનની સમજૂતી આપો.

(65) કારકોની આવૃત્તિઓ વસતિમાં સતત રહે છે તે જણાવતો નિયમ કયો છે ? કયા પાંચ પરિબળો આની કિંમતને અસર કર્તા નીવડે છે ?

(66) આપણને કહેવાયુ છે કે બધાં જ જીવંત સ્વરૂપો માટે ઉદવિકાસ સતત થતી ઘટના છે. શું મનુષ્ય પણ ઉદવિકાસ પામી રહ્યા છે ? તમારા જવાબને ન્યાય આપો.

(67) ઉપાર્જિત પ્રતિકારકતા સમજાવો.

(68) સુએઝ સારવારમાં સમાવિષ્ટ થતા તબક્કાઓ સમજાવો.

## વિભાગ – D

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) (કોઈપણ 4)** **(16)**

(69) હર્શી અને ચેઈઝના પ્રયોગનું ટૂંકમાં વર્ણન કરો. તે છેવટે શું દર્શાવે છે ? જો બંને DNA અને પ્રોટીન ફોસ્ફરસ અને સલ્ફર ધરાવતા હોય તો પરિણામ સરખું જ આવે તેમ માનો છો ?

(70) કેન્સરની ચકાસણી માટે કઈ–કઈ પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે ? કેન્સરની સારવાર માટે સામાન્ય અભિગમનું વર્ણન કરો.

(71) એઈડ્સ રોગ સમજાવો તેમજ તેના ફેલાવાનાં કારણો, નિદાન અને તેને અટકાવવાના ઉપાયો જણાવો.

(72) સ્પર્ધા વિશે સમજાવો.

(73) પરિસ્થિતિકીય પિરામિડ વ્યાખ્યાયિત કરો અને સંખ્યા તથા જૈવભારના પિરામિડો ઉદાહરણ સહિત વર્ણવો.

**Best of Luck**

## વિભાગ – A

● **નીચે આપેલા ચાર જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકના 1 ગુણ)** **(50)**

(1) સમાન પરિસ્થિતિમાં કયા દ્રાવણનું અભિસરણ દબાણ સૌથી વધારે છે ?

(A) 1M ગ્લુકોઝ (B) 1 M $BaCl_2$ (C) 1 M $FeCl_3$ (D) 1 M NaCl

(2) હેન્રી અચળાંક $K_H$નું મૂલ્ય .....

(A) તાપમાનના ફેરફારની અસર થતી નથી. (B) તાપમાનના વધારા સાથે ઘટે છે.

(C) તાપમાનના વધારા સાથે વધે છે. (D) તાપમાનના વધારા સાથે પ્રથમ ઘટે અને પછી વધે છે.

(3) નીચેના પૈકી કયું મિશ્રણ બિનઆદર્શ દ્રાવણ છે ?

(A) ક્લોરોફોર્મ અને એસિટોન (B) બેન્ઝિન અને ટોલ્યુઈન

(C) ક્લોરોબેન્ઝિન અને બ્રોમોબેન્ઝિન (D) બ્રોમોઈથેન અને ક્લોરોઈથેન

(4) રાઉલ્ટના નિયમથી મિશ્રણ, કે જે ધન વિચલન પ્રદર્શિત કરે છે તે શોધો.

(A) એસિટોન + ક્લોરોફોર્મ (B) ક્લોરોઈથેન + બ્રોમોઈથેન

(C) ઈથેનોલ + એસિટોન (D) બેન્ઝિન + ટોલ્યુઈન

(5) એક આદર્શ દ્રાવણ માટે, સાચો વિકલ્પ શું છે ?

(A) અચળ T અને P પર $\Delta_{mix}$ G = 0 (B) અચળ T અને P પર $\Delta_{mix}$ S = 0

(C) અચળ T અને P પર $\Delta_{mix}$ V ≠ 0 (D) અચળ T અને P પર $\Delta_{mix}$ H = 0

(6) ..... નું અભિસરણ દબાણ સૌથી વધુ હશે.

(A) 1 M $Al_2(SO_4)_3$ (B) 1 M $BaCl_2$ (C) 1 M $Na_2SO_4$ (D) (B) અને (C) બંને

(7) 2 મોલ $MnO_4^-$ નું $Mn^{2+}$ માં રિડક્શન કરવા કેટલલા ફેરાડે વિદ્યુતની જરૂર પડે ?

(A) 6 (B) 10 (C) 3 (D) 5

(8) કયા તાપમાને સિરામિક દ્રવ્યો અતિસુવાહક તરીકે વર્તે છે ?

(A) 200 K (B) 0 K (C) 15 K (D) 150 K

(9) મંદ જલીય $NiSO_4$ ના દ્રાવણમાંથી નિષ્ક્રિય ધ્રુવો વડે વિદ્યુતવિભાજન કરી 5.85 ગ્રામ નિકલ મેળવવા કેટલા સમય માટે 10 એમ્પિયર વીજપ્રવાહ પસાર કરવો પડે ? [Niનું પરમાણ્વીયદળ = 58.5 ગ્રામ]

(A) 965 સેકન્ડ (B) 3860 સેકન્ડ (C) 1930 સેકન્ડ (D) 9650 સેકન્ડ

(10) અનંત મંદતાએ AgCl ની મોલર વાહકતા શોધો. આપેલ,

$\wedge_m^\infty = 133.4\ (AgNO_3)$; $\wedge_m^\infty = 149.9\ (KCl)$ $\wedge_m^\infty = 144.9\ S\ cm^2\ mol^{-1} (KNO_3)$.

(A) 140 S $cm^2$ $mol^{-1}$ (B) 138 S $cm^2$ $mol^{-1}$

(C) 134 s $cm^2$ $mol^{-1}$ (D) 132 S $cm^2$ $mol^{-1}$

(11) 298 તાપમાને 0.5 mol/dm$^3$ ના $AgNO_3$ ના દ્રાવણની વિશિષ્ટ વાહકતા 5.76 × $10^{-3}$ S $cm^{-1}$ છે, તો મોલર વાહકતા.....

(A) 0.086 (B) 28.8 (C) 2.88 (D) 11.52

(12) પિગલિત NaCl ના વિદ્યુતવિભાજન દરમિયાન 0.1 મોલ $Cl_2$ વાયુ મેળવવા 3 એમ્પિયર વિદ્યુતપ્રવાહ કેટલો સમય પસાર કરવો પડે ?

(A) 220 મિનિટ (B) 330 મિનિટ (C) 55 મિનિટ (D) 110 મિનિટ

(13) દ્વિતીયક્રમની પ્રક્રિયા માટે વેગ અચળાંકનો એકમ કયો છે ?

(A) $Mo^{-2}L^{+}S^{-1}$ (B) $Mol^{-1}LS^{-1}$ (C) $S^{-1}$ (D) $MolL^{-1}S^{-1}$

(14) જો log K $\rightarrow \frac{1}{T}$ નો આલેખ દોરતાં સીધી રેખા મળે છે, તો તેના ઢાળની કિંમત કઈ છે ??

(A) $\frac{E_a}{2.303R}$ (B) $\frac{E_a}{3.203R}$ (C) $-\frac{2.303R}{E_a}$ (D) $\frac{-E_a}{2.303R}$

(15) પ્રથમ ક્રમની પ્રક્રિયા માટે વેગઅચળાંક 60 $s^{-1}$ છે. પ્રક્રિયક સાંદ્રતાથી તેના $\frac{1}{16}$ ભાગના મૂલ્ય જેટલી સાંદ્રતા ઘટીને થવા માટે કેટલી સેકન્ડ લાગશે ?

(A) 9.5 × $10^{-2}$ (B) 4.6 × $10^{-2}$ (C) 2.3 × $10^{-2}$ (D) 6.9 × $10^{-2}$

(16) એક પ્રક્રિયા માટે K = 4.5 × $10^{-4}$L $mol^{-1}s^{-1}$ છે. આ પ્રક્રિયા કયા ક્રમની થશે ?

(A) દ્વિતીય (B) પ્રથમ (C) શૂન્ય (D) તૃતીય

(17) એક પ્રક્રિયાનો વેગ અચળાંકનું મૂલ્ય 1.75 × $10^2$ લી$^2$ મોલ$^{-2}$ સેકન્ડ$^{-1}$ છે, તો તે પ્રક્રિયાનો અર્ધઆયુષ્ય સમય $t_{\frac{1}{2}} \propto$ .....

(A) $[R_0]^{-1}$ (B) $[R_0]^{-2}$ (C) $[R_0]^2$ (D) $[R_0]$

(18) તૃતીય ક્રમની પ્રક્રિયા માટે વેગઅચળાંકનો એકમ ..... થાય.

(A) $\left(\frac{\text{લિટર}}{\text{મોલ}}\right)$સેકન્ડ (B) $\left(\frac{\text{લિટર}}{\text{મોલ}}\right)^{-1}$ સેકન્ડ (C) $\left(\frac{\text{લિટર}}{\text{મોલ}}\right)^{-1}$ સેકન્ડ$^{-1}$ (D) $\left(\frac{\text{મોલ}}{\text{લિટર}}\right)^{-2}$ સેકન્ડ$^{-1}$

(19) $K_2MnO_4$નો રંગ કયો છે ?

(A) લાલ (B) લીલો (C) વાદળી (D) જાંબલી

(20) ..... માં d – d સંક્રાંતિ જોવા મળે છે ?

(A) $Cu^{+}$ (B) $Zn^{2+}$ (C) $Mn^{3+}$ (D) $Se^{+3}$

(21) એવા સક્રાંતિ તત્ત્વનું નામ જણાવો, કે જે પરિવર્તનીય ઓક્સિડેશન અવસ્થાનો ન દર્શાવતું હોય.

(A) ઝિંક (B) કોપર (C) સ્કેન્ડિયમ (D) ક્રોમિયમ

(22) આંતર સંક્રાંતિ તત્ત્વના સંદર્ભમાં કયું વિધાન ખોટું છે ?

(A) Ce, Gd અને Lu જેવા લેન્થેનોઈડ્સની ઈલેક્ટ્રોનીય રચનામાં જ ઈલેક્ટ્રોન 5d કક્ષકમાં ભરાયેલા છે.

(B) એક્ટિનોઈડ્સમાં Pm રેડિયોસક્રિય તત્ત્વ છે.

(C) લેન્થેનોઈડ્સની આયનીકરણ એન્થાલ્પીમાં મૂલ્ય એક્ટિનોઈડ્સ કરતાં વધુ હોય છે.

(D) લેન્થેનોઈડ્સના ઓક્સાઈડ બેઝિક હોય છે.

(23) ..... મહત્તમ ચુંબકીય ચાકમાત્રા દર્શાવે છે ?

(A) $V^{+3}$ (B) $Mn^{+3}$ (C) $Fe^{+3}$ (D) $Cu^{+3}$

(24) મેંગેનીઝના એક ઓક્સાઈડની ચુંબકીય ચાકમાત્રા (μ) નું મૂલ્ય 4.9 BM હોય, તો તે ઓક્કસાઈડ કયો હશે ?

(A) MnO (B) $Mn_2O_3$ (C) $Mn_2O_7$ (D) $MnO_2$

(25) [Pt $(NH_3)$ (Br) (Cl) (py)] ના ભૌમિતિક સમઘટકો કેટલા ?

(A) 3 (B) 2 (C) 1 (D) 4

(26) નીચેનામાંથી કયા લિગેન્ડ ઉભયદંતી નથી ?

$NO_3^-, NO_2^-, CN^-, SCN^-$

P Q R S

(A) R (B) P (C) S (D) Q

(27) નીચેનામાંથી કયો લીગેન્ડ નથી ?

(A) $H_2NCH_2CH_2NH_2$ (B) $NH_4^+$ (C) NO (D) CO

(28) $K[Co(OX)_2(NH_3)_2]$ સંકીર્ણમાં રહેલાં ધાતુ આયનની પ્રાથમિક સંયોજકતા, દ્વિતીયક સંયોજકતા અને તેના જલીય દ્રાવણમાં રહેલાં કુલ આયનોની સંખ્યા અનુક્રમે ..... છે.

(A) 3, 6, 2 (B) 3, 4, 2 (C) 4, 4, 2 (D) 3, 6, 1

(29) લિગેન્ડની પ્રબળતાની કઈ સ્પેક્ટ્રોકેમિકલની શ્રેણી યોગ્ય છે ?

(A) $SCN^- < NH_3 < F^- < en < CO$ (B) $SCN^- < F^- < NH_3 < en < CO$

(C) $SCN^- < F^- < en < NH_3 < CO$ (D) $SCN^- < F^- < en < CO < NH_3$

(30) નીચેનામાંથી કયા સંકીર્ણમાં $sp^3d^2$ સંકરણ હશે ?

(A) $[CO(NH_3)_6]^{3+}$ (B) $[FeCl_6]^{3-}$ (C) $[Fe(CN)_6]^{3-}$ (D) $[Fe(CN)_6]^{4-}$

